# શ્રીમતી આર.ડી.ગાર્ડી
# ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ

॥ संस्कृता स्त्री शिवा शक्तिः ॥

## વાર્ષિક પ્રવૃત્તિ અહેવાલ
## વર્ષ ૨૦૧૯–૨૦૨૦

# શ્રીમતી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ
## વિષે ટૂંકમાં વિગત

## સંસ્થામાં કાર્યરત પ્રવૃત્તિ

- હાલ ૩૮૦૦+ વિદ્યાર્થીનીઓને K.G. થી P.G. સુધીનું શિક્ષણ.
- વિવિધ સંસ્થાઓના કુલ ૧૭૫ શૈક્ષણિક અને વહીવટી કાર્યકર્તાઓ
- પ્રાથમિક, હાઈસ્કુલ તથા હાયર સેકન્ડરી શાળાની જરૂરીયાતમંદ વિદ્યાર્થીનીઓને શિક્ષણ ફી, કમ્પ્યુટર ફી, યુનિફોર્મ તથા શુઝમાં આર્થિક સહાય
- હાઈસ્કુલ તથા હાયર સેકન્ડરી શાળાની તમામ વિદ્યાર્થીનીઓને વિનામુલ્યે નોટબુક
- આધુનિક ઉપકરણો અને સાધનો દ્વારા કમ્પ્યુટર, અંગ્રેજીનું ખાસ શિક્ષણ
- અભ્યાસમાં નબળી વિદ્યાર્થીનીઓને ઈચ વન – ટીચ વન અને ખાસ રેમેડીયલ વર્ગો અને પરીક્ષાની તૈયારીની તાલીમ
- સ્કાઉટ ગાઈડ, એન.સી.સી., એન.એસ.એસ. દ્વારા વ્યકિતત્વ ઘડતર
- લાઈફ સ્કીલ તાલીમને ખાસ અગ્રતા
- જીલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ ક્ષેત્રે વિદ્યાર્થીનીઓની સિદ્ધિઓ.

## શ્રીમતી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓ

| સંસ્થાનું નામ | સ્થાપના વર્ષ | વર્ષ ૨૦૧૯–૨૦માં વિદ્યાર્થીનીઓની સંખ્યા |
|---|---|---|
| શ્રી કે.એચ.સંઘવી બાલમંદિર | ૧૯૫૧ | ૨૭૫ |
| શ્રીમતી ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર | ૧૯૩૨ | ૯૯૮ |
| શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય | ૧૯૨૫ | ૧૦૪૧ |
| શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ | ૧૯૫૧ | ૧૦૮૩ |
| એકસેલ સ્કુલ ઓફ નર્સિંગ | ૨૦૦૮ | ૧૨૫ |
| શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર ફોર નોન ફોર્મલ એજયુકેશન એન્ડ એન્ટ્રેપ્રીન્યોરશીપ ડેવલપમેન્ટ | ૧૯૯૪ | ૧૨૧ |
| સમાજકલ્યાણ કેન્દ્ર | ૧૯૫૮ | |
| ભાવનગર જવલેરી ટ્રેઈનીગ ઈન્સ્ટીટયુટ | ૨૦૦૪ | |
| શ્રીમતી દાણીભાઈ અને કે.કે.પારેખ તથા શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડી કન્યા છાત્રાલય | ૧૯૪૬<br>૨૦૧૩ | ૧૭૭ |
| કુલ સંખ્યા | | ૩૮૨૦ |

માનનીય સભ્યશ્રીઓ,

શ્રીમતી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ, વિદ્યાર્થિની, શિક્ષકગણની વિશિષ્ટ સિદ્ધિઓનો અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

સંસ્થાઓ વિવિધ પ્રકારની ઘણી સ્પર્ધાઓ, ઉત્સવ ઉજવણીઓ, શિબિરો, રમતોત્સવ જેવી વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃત્તિઓથી ધમધમતી હોય છે. જેમાંની ખૂબ જ મહત્વની પ્રવૃત્તિઓનો અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ તબકકે થયેલ પ્રવૃત્તિઓની વિશિષ્ટ નોંધ લેવાનું આપને ગમશે.

- **શ્રી કે.એચ. સંઘવી બાલમંદિર :**
  'રંગહેલી' પ્રોજેકટ અને વાર્ષિક નાટય મહોત્સવ જેમાં શહેરના ૮ બાલમંદિરોએ ભાગ લીધો હતો.
- **શ્રીમતી ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર :**
  વિશ્વયોગ દિન ઉજવણી, બાળ સંસદની રચના, કિશોરીવસ્થા જાગૃતિ અભિયાન ભાવનગરની મેડીકલ કોલેજના નિષ્ણાતો દ્વારા યોજાયું.
- **શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય :**
  વ્યકિતગત અને સામુહિક સ્વાસ્થય, રોડ ટ્રાફીક જાગૃતિ શિક્ષણ જેવા અનેક વિષયોમાં અવૈધાનિક શિક્ષણ, શૈક્ષણિક, સહશૈક્ષણિક, ખેલકૂદમાં ઉત્કૃષ્ટ પરીણામ મેળવનાર વિદ્યાર્થીનું વિશિષ્ટ રીતે સન્માન.
- **શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર :**
  મધર–ડોટર વર્કશોપ, અખીલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય માન્ય સંગીત શિક્ષણ, મુગ્ધાવસ્થાની મુંઝવણ વિષયે વ્યાખ્યાન
- **શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ :**
  લીડરશીપ ટ્રેઈનિંગ શિબિર અને રાજય સરકાર દ્વારા પુરસ્કૃત 'ફિનિશીંગ સ્કુલ'નું આયોજન. પ્રાધ્યાપકો દ્વારા રાષ્ટ્રીય સ્તરની કોન્ફરન્સમાં પેપર રજુ કરવામાં આવ્યા.
- **એકસેલ સ્કુલ ઓફ નર્સિંગ :**
  નર્સિંગ સ્કુલની ત્રીજા વર્ષની વિદ્યાર્થીનીઓ દ્વારા ટ્રસ્ટની જ સંસ્થા શ્રી કે.એચ.સંઘવી બાલમંદિરની બાલિકાઓનો જનરલ મેડીકલ ચેકઅપ કેમ્પ, "ઓવરસીઝ વર્ક" અને 'યુ.કે. નર્સિંગ પ્રોફેશન અવેરનેસ' ઉપર નિષ્ણાંતો દ્વારા સેમિનાર.
  JITO (જૈન ઈન્ટરનેશનલ ટ્રેઈડ ઓર્ગેનાઈઝેશન) દ્વારા પાલિતાણા ખાતે પૂ. સાધ્વીજીઓના આરોગ્ય સર્વે તથા તપાસણી કેમ્પનું આયોજન થયેલ જેમાં નર્સિંગ સ્ટુડન્ટ અને ટયુટર્સે યોગદાન આપ્યું.
- **શ્રી દાણીભાઈ અને ખુશાલદાસ કુરજી પારેખ તથા શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડી કન્યા છાત્રાલય :**
  "સુર્યગ્રહણ" નું દર્શન અને વાર્તાલાપ. વાર્ષિકોત્સવ, હોમીયોપેથી ડોકટર શ્રીમતી ગુંજનબેન પોપટનું વ્યાખ્યાન અને તેમના દ્વારા વિદ્યાર્થીનીઓનું સન્માન.

**શ્રીમતી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ દ્વારા**

- દાતાશ્રીઓના સહયોગથી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલયની ધો.૯ થી ૧૨ની કુલ ૧૦૪૧ વિદ્યાર્થીનીઓને ૫ ફુલસ્કેપ નોટબુક વિતરણ.
- પદ્મભૂષણ ડૉ.સુખદેવજી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી શશિપ્રભાલાલા પુરસ્કૃત બહુમુલ્ય સ્કોલરશીપ.

આશા છે કે આપ સૌને અહેવાલ વાંચીને આનંદ થશે. મંડળની સંસ્થાઓના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ, વાલીઓ, સરકારી વિભાગો, સંસ્થાઓ, અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ તથા દાતાશ્રીઓના સહકાર દ્વારા જ પ્રવૃત્તિઓ થઈ શકી છે. તે માટે તેઓનો આભાર.

વ્યવસ્થાપક સમિતિ સભ્યશ્રીઓ તથા જનરલ બોડી સભ્યશ્રીઓનું સતત માર્ગદર્શન, સમર્થન મળતું રહે છે તે માટે અમો ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

**શ્રીમતી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ**

**ટ્રસ્ટી મંડળ**

સ્થાપના વર્ષ
૧૯૫૯

# શ્રી કૃષ્ણાલાલ હ. સંઘવી બાલમંદિર

વિદ્યાર્થિનીની સંખ્યા
૨૭૫

૩ વર્ષ સુધી મોન્ટેસરી પદ્ધતિથી શિક્ષણ, ચિત્રકલા, સંગીત અને વિવિધ અનૌપચારિક શિક્ષણ દ્વારા બાળ ઘડતર કરતી સંસ્થા. પ્રથમ વર્ષ બુલબુલ ટુકડી, દ્વિતીય વર્ષ મેના ટુકડી અને તૃતીય વર્ષ મયૂર ટુકડી એમ ત્રણ વર્ષનું નામાભિધાન કરવામાં આવેલ છે. આ સંસ્થાની આગવી ઓળખ સમું બાળકો માટે "ઢીગલીઘર" ઉપલબ્ધ છે.

## મુલાકાત

### શહિદ સ્મારક

શહિદ સ્મારકની મુલાકાત બુલબુલ મેના અને મયુર ટુકડીના બાળકોએ મુલાકાત લીધેલ. ત્યાં બાળકોએ આપણા દેશ માટે શહીદી વહોરનાર ભગત સિંહ, સુખદેવજી, લાલા લજપતરાય, બાલ ગંગાધર તિલક,બિપિનચંદ્ર પાલ,સુભાષચંદ્ર બોઝ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વિ. દેશભક્તો વિશે માહિતી મેળવેલ.



## તહેવારોની ઉજવણી



### રાષ્ટ્રીય તહેવાર અને પારંપરિક તહેવારોની ઉજવણી

બાલમંદિરની નાની બાળાઓએ સફેદ ફ્રોકમાં સજ્જ થઈ ૧૫મી ઓગષ્ટ આઝાદદિન તથા ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહભેર કરેલ. જેમાં ધ્વજવંદન, રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી. શિક્ષકો દ્વારા રાષ્ટ્રીય તહેવારની સમજણ આપવામાં આવેલ. બાલમંદિરની બાલિકા દ્વારા વર્ષ દરમ્યાન આવતા પારંપરિક તહેવારો જેવા રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, હોળી વિગેરે તહેવારોની ઉજવણી કરવામાં આવેલ.

## પ્રવાસ

મયુર ટુકડી પ્રવાસ બાળકોને ખોડિયાર મંદિર દર્શન કરાવેલ. થોડો સમય રમત રમાડી હતી. ત્યાંથી સાંઢિડા મહાદેવ દર્શન કરાવ્યા. ત્યારબાદ ભવનાથ પહોંચ્યા બાળકોને જમાડયા. થોડીવાર તેઓ સૂતા અને પછી રમતો રમાડી બાળકોએ ખૂબ મજા કરી. ત્યાંથી વાંકિયા હનુમાન ગયા. અને પછી મુક્તેશ્વર દર્શન કરી. સાંજના બાલમંદિર પરત ફરેલ.



## પ્રોજેક્ટ

બુલબુલ,મેના તથા મયૂર ટુકડીની બાલિકાઓએ "રંગ હેલી " નામનો પ્રોજેક્ટ રજુ કરેલ. આ પ્રોજેક્ટમાં અભિનય ગીતો, સ્લોગનસ તથા વિવિધ કલર દવારા કલરમાં રંગ મિશ્રણ દ્વારા અનેક વિધ કૃતિઓ રજૂ કરવામાં આવેલ.

### "ઘઉંનું ઉત્પાદન અને ઉપયોગીતા"

દક્ષિણામૂર્તિ બાલમંદિર સંસ્થામાં ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યાની ઉજવણીમાં આ પ્રોજેક્ટ રજૂ કરેલ.જેમાં બાળકો તથા વાલીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ.

# અન્ય કાર્યક્રમો

## સ્થાપના દિનની ઉજવણી

બુલબુલ,મેના તથા મયૂર ટુકડીની બાલિકાઓએ શ્રી કૃષ્ણાલાલ હ. સંઘવી બાલમંદિરના ૬૦ વર્ષ પુરા કરી ૬૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ. આ ઉજવણી નિમિતે "ફેમિલી–ડે" તરીકે ઉજવણી કરેલ. બાલમંદિરની બાલિકાઓ પોતાના પરિવાર સાથે સ્ટેજ પર પોતાની ટેલેન્ટ રજૂ કરી તથા દીપ પ્રાગ્ટય, કેક કટિંગ અને બાળકોના આનંદ માટે રાઈડસ વિનું આયોજન કરેલ છે.

## નાટય મહોત્સવ

આ મહોત્સવમાં ભાવનગર શહેરની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે શ્રી કૃષ્ણલાલ હ. સંઘવી બાલમંદિર, દક્ષિણામૂર્તિ બાલમંદિર,મહદી બાલઘર, એકટીવ બાલમંદિર, આધારશીલા, મોંઘીબેન બધેકા શિશુવિહાર બાલમંદિરો દવારા જુદા–જુદા નાટકો રજુ થયા જેવા કે સાચું તીર્થ, બચપન, મફતની મજા, સિંહ અને બ્રાહ્મન, બિકણ સસલી રજુ કર્યા હતા. આ નાટકો સંવાદ , અભિનય, હાવભાવ તથા જોડકણાં સાથે રજુ કર્યા હતા.



## "બાલ રમતોત્સવ" તથા " રાત્રી રોકાણ

બાલમંદિરના હોલમાં "રમતોત્સવ" નું આયોજન કરવામાં આવેલ. આ બાળકોએ ફ્રોગ જમ્પ, ફુગ્ગા ઉછાળ, ડોલમાં દડો નાખવો, ઝિકઝેક, આકાશ–પાતાળ–ધરતી, બેલેન્સ રમત, દોરડા ખેંચ, મેમેરી ગેઈમ, રીંગફેક, શાંતિની રમત (ગ્લાસ ભરેલા બીજી જગ્યાએ મુકવા)જેવી વિવિધ રમતો રમી હતી. આ રમતોમાં બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. તથા મયૂર ટુકડીના બાળકો માટે રાત્રી રોકાણનો કાર્યક્રમ યોજેલ. તેમાં ૬૧ બાળકોએ ભાગ લીધો હતો.સાંજે ફરવા લઈ ગયા હતા. રાત્રે મેદાન માં રમતો રમાડી. રાસ–ગરબા લીધા. અને ખુબ મજા કરી.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

બાલિકાઓ દ્વારા તૈયાર કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમ "મસ્તી અમસ્તી"નું આયોજન કરેલ. સ્વાગત ગીત, નૃત્ય,અભિનય ગીત, નાટક, વાર્તા, ગરબો ,પોયમ, રેકર્ડ ડાન્સ જેવી વિવિધ કૃતિઓ બાળકો એ ખૂબ જ સુંદર રીતે પ્રસ્તુત કરી હતી. અને ૧૦ બાલિકાઓને પારિતોષિક એનાયત કરવામાં આવેલ સાથે ભાગ લેનાર બાલિકાઓને ભેટ આપવામાં આવેલ.



## ચિત્રકામ તથા હસ્તકામની પ્રવૃત્તિઓનું પ્રદર્શન

બાલમંદિરની ત્રણેય ટુકડીની બાલિકાઓએ વર્ષ દરમ્યાન ચિત્રકામ તથા હસ્તકામની પ્રવૃતિ કરેલ તેનું પ્રદર્શન ગોઠવવામાં આવેલ. જેમાં બાલમંદિરની ૨૯૨ બાલિકાઓએ ભાગ લીધેલ.અને પોતાનામાં રહેલી સર્જનાત્મક શકિત ખીલવવાનો પ્રયત્ન કરેલ.



સ્થાપના વર્ષ
૧૯૩૨

# શ્રીમતી ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર

વિદ્યાર્થિનીઓની સંખ્યા
૯૯૮

ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ આપતી સંસ્થા, જેમાં શિક્ષણની સાથે સાથે સ્કાઉટ ગાઈડ, રમત–ગમત, સંગીત અને નૃત્ય, શિક્ષણ તથા અનૌપચારિક શિક્ષણને પ્રાધાન્ય તેમજ પર્યાવરણ, નાગરિકત્વ, માનવીય સંબધો જેવા ગુણોનો વિકાસ થાય તેવા હેતુને ઘ્યાનમાં રાખી તે વિષયોના વ્યાખ્યાન, તાલીમ શિબિર, પરિચય કેમ્પ વગેરે રાખવામાં આવે છે. ધોરણ ૧ થી કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે.



## વિશ્વ યોગ દિવસ

ધો–૬ થી ૮ની બાળાઓ દ્વારા યોગીક ક્રિયાઓ, પ્રાણાયામ અને આસનો કરી "વિશ્વ યોગદિન" ની ઉજવણી કરવામાં આવી. સૂર્યા ફાઉન્ડેશનમાંથી આવેલ બહેનો દ્વારા જુદા જુદા આસનોનું નિદર્શન અને તેના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

## બાળસંસદની રચના

દરેક ધોરણમાં વર્ગ પ્રતિનિધિની ચૂંટણી કરવામાં આવી. ચૂંટાયેલા સભ્યોમાંથી બાળા સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ,મંત્રી અને ઉપમંત્રીની ચૂંટણી કરવામાં આવી. ત્યારબાદ જુદી–જુદી સમિતિ માટે સભ્યોની પસંદગી કરવામાં આવી.

બાળસંસદની રચના પૂર્વે ધો–૮ના સામાજિક વિજ્ઞાનના શિક્ષિકા બહેનશ્રી નેહલબેન કનૈયા દ્વારા દેશમાં ચૂંટણી પ્રક્રિયા, મતાધિકાર અને તેના મહત્વ વિશે વિશેષ માહિતી આપવામાં આવી.




## મેઘાણી વંદના

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિ નિમિત્તે શાળાના પ્રાંગણમાં તેમને અંજલિ આપવા "મેઘાણી વંદના" કાર્યક્રમ યોજવામા આવેલ.

જેમાં તેમની રચનાઓમાંથી પસંદ કરેલ બાલગીત, અભિનયગીત, રાસ તથા વાર્તાનું "વાચિકમ' ધો–૩ થી ૮ની બાળાઓ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે જાણીતા લોકગાયક શ્રી શ્યામભાઈ મકવાણા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી મેઘાણીની 'કસુંબીનો રંગ' તથા 'મનમોર બની થનગાટ' કરે રચનાનું ગાન કરી સૌને ડોલાવી દીધાં.



## ૧૫મી ઓગષ્ટ (સ્વાતંત્ર્ય દિન) ઉજવણી

દેશના ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રતિવર્ષની જેમ શાળાના પ્રાંગણમાં બાલમંદિરથી માંડીને હાયરસેકન્ડરી તથા સી.આર.ભટ્ટ સેન્ટરના શાળા પરિવાર સાથે કરવામાં આવી. જેમાં ધ્વજવંદન, વેશભૂષા, દેશભક્તિ ગીતો તથા અભિનય ગીતો રજૂ કરવામાં આવ્યા.





## શ્લોકગાન સ્પર્ધા

ચિન્મય મિશન દ્વારા આયોજીત ભગવત ગીતા શ્લોક ગાન સ્પર્ધામાં ધો–૧ થી ૮ની કુલ ૨૪૫ બાળાઓએ ભાગ લીધેલ. તેનું સંચાલન શિક્ષિકા બહેનશ્રી ધર્મિષ્ઠાબા દ્વારા કરવામાં આવેલ.
આ સ્પર્ધાની ફાઈનલમાં ૧૫ બાળાઓએ ભાગ લીધેલ તેમાંથી ૮ બાળાએ ગોલ્ડ, ૫ બાળાએ સિલ્વર અને ૧ બાળાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો.

## સંસ્કૃત દિન

દેશભાષા સુરચિ સુબોધા વિશ્વમનોજ્ઞા એવી દેવભાષા સંસ્કૃતની ગરિમા જાળવવા શાળામાં "સંસ્કૃતદિન" ની ઉજવણી કરવામાં આવી. જેમાં સંસ્કૃત ભારતીના પ્રાંત અધ્યક્ષા શ્રી ઉમાબેન જોષી તથા હાઈસ્કુલના શિક્ષિકાબેનશ્રી વનિતાબેન બારૈયા હાજર રહયાં હતાં. બાળાઓએ સંસ્કૃત ભાષામાં નાટક, અભિનયગીત, ગીતસંસ્કૃતમ્ શ્લોકગાન, સુભાષિતગાન રજૂ કરી સંસ્કૃત ભાષાનો મહિમા પ્રતિમાદિત કર્યો

## તરૂણાવસ્થા જાગૃતિ

મેડીકલ કોલેજના ડૉક્ટર દ્વારા ધો ૭ અને ૮ની બાળાઓ માટે 'તરૂણાવસ્થા જાગૃતિ' વિષય પર સેમીનાર યોજવામાં આવ્યો. જેમાં ૧૨ થી ૧૩ વર્ષની ઉંમર થતા શારિરીક ફેરફાર–હોર્મોન્સમાં થતા ફેરફારને લીધે ઉદ્‌ભવતા પ્રશ્નોની ચર્ચા કરી તેના વિશેની ડોક્ટર દ્વારા માહિતી આપવામાં આવી.





## ગાંધી જયંતિ ઉજવણી

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ધોરણ ૧થી૮ ની બાળાઓ દ્વારા ગાંધીજી, કસ્તુરબા, મીરાબેન, રવિન્દ્રનાથ ટાગોર, મનુબેન, આભાબેન વગેરેની વેશભૂષા કરવામાં આવી. આ દિવસે શિક્ષકોએ ગાંધીસ્મૃતિ જઈ ખાદીની ખરીદી કરી.

## વાર્ષિકોત્સવ

શાળાના પટાંગણમાં ધો–૩થી૮ની બાળાઓ દ્વારા વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો.જેમાં બાળાઓએ સ્વાગત ગીત,અભિનયગીત,ગરબા,નાટક,દેશભકિત ગીત,પ્રાર્થનાગીત,લોકનૃત્ય વગેરે સુંદર પ્રસ્તુતિ કરી આ તકે સંસ્થાના ટ્રસ્ટીગણના વરદ્હસ્તે ચંદ્રક વિતરણ તથા જુદા જુદા રમતોમાં સિદ્ધિ મેળવેલ બાળાઓને ટ્રોફી વિતરણ કરવામાં આવ્યું.



## ખેલમહાકુંભ–૨૦૧૯



ખેલમહાકુંભ–૨૦૧૯માં અંડર–૧૪ ગર્લ્સ ફૂટબોલ સ્પર્ધામાં ગોંડલ મુકામે રાજયકક્ષાએ યોજાયેલ સ્પર્ધામાં ભાગ લીધો. ચિન્મય મિશન દ્વારા પ્રતિવર્ષ યોજાતી શ્લોકગાન સ્પર્ધામાં શાળાના શિક્ષિકાબહેનો નેહલબેન કનૈયા, ધર્મિષ્ઠાબેન સરવૈયા, હંસાબેન પરમાર, દક્ષાબેન બારૈયા, મમતાબેન વાઘેલા તથા પ્રિયાબેન ડાભીએ ભાગ લીધો તથા કાવ્યલેખન સ્પર્ધામાં વીણાબેન નાવર તથા દીપિકાબેન યાદવે ભાગ લીધો. જેમાં શહેર કક્ષાએ પ્રથમ તથા પ્રદેશકક્ષાએ તૃતીય નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે.



## શિયાળુ રમતોત્સવ

ધોરણ ૧થી૮ની બાળાઓ માટે શાળાના પ્રાંગણમાં રમતોત્સવ યોજવામાં આવ્યો. જેમાં લીંબુચમચી, સંગીત ખુરશી, ચાંદલા ચોંટાડવા, બુક બેલેન્સ, દેડકા દોડ, બાસ્કેટબોલ, ડીશફેંક, લંગડીદોડ, શટલરન, કોથળા દોડ, ફુગ્ગાફોડ, ત્રિપગીદોડ, સિક્કા શોધ તથા સ્લો સાયકલિંગ જેવી રમતો રમાડવામાં આવી. ભાગ લેનાર બાળાઓમાંથી દરેક રમતમાં પ્રથમ, દ્વિતિય તથા તૃતીય વિજેતા ઘોષિત કરવામાં આવ્યા.





## શૈક્ષણિક પ્રવાસ

ધોરણ ૧થી૬ની બાળાઓને શૈક્ષણિક પ્રવાસ અયાવેજ ખોડિયાર, પાલીતાણા, શેત્રુંજી ડેમ, કદમ્બગીરી વગેરે સ્થળોનો અલગ અલગ દિવસોમાં યોજવામાં આવ્યા તથા ધોરણ ૭થી૮ની બાળાઓ માટે પાટણ, મોઢેરા, લોથલ વગેરે જેવા ઐતિહાસિક સ્થળોનો પ્રવાસ કરવામાં આવ્યો.

## સ્મૃતિ ભોજન



શાળામાં ૩૫ વર્ષથી ફરજ બજાવતા શાળાના શિક્ષિકા બહેન શ્રી નિરૂબેન બારૈયા ચાલુ વર્ષના મે મહિનામાં વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર હતા અને તેમની શાળાના છેલ્લા વર્ષની યાદી નિમિત્તે શાળાના ધોરણ ૧થી૮ની તમામ વિદ્યાર્થિની તેમજ શિક્ષક સ્ટાફ અને રીક્ષા ચાલક ભાઈઓને સ્વખર્ચે સ્મૃતિ ભોજન કરાવ્યું. જે શાળાના અત્યાર સુધીના ઈતિહાસમાં શિક્ષક તથા બાળકોને જમાડયા હોય એવું પહેલી વખત બન્યું છે.



સ્થાપના વર્ષ
૧૯૨૫

# શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય

વિદ્યાર્થિનીની સંખ્યા
૧૦૪૧

ધો. ૯ થી ૧૨ (સેકન્ડરી અને હાયરસેકન્ડરી) નું શિક્ષણ આપતી શાળા, જેમાં કમ્પ્યૂટર શિક્ષણને પ્રાધાન્ય, પ્રયોગશાળા–પુસ્તકાલયની સુવિધા, રમત–ગમત, સંગીત તથા વિવિધ સ્પર્ધાઓમાં વિશેષ સિદ્ધિ, શિક્ષણ સાથે અનૌપચારિક શિક્ષણને અગ્રતા આપતા કાર્યક્રમો જેવા કે વ્યકિતત્વ વિકાસ, ટ્રાફિક સેન્સ, કાનૂની સલાહ, કોમ્યુનિકેશન સ્કિલ વગેરે જેવા કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થિનીઓનો સર્વાંગી વિકાસ થાય એવા હેતુ સિદ્ધ કરવા શાળા સતત કાર્યશીલ રહે છે.

## ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૦માં લેવાયેલ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષાનું પરિણામ

ધો.૧૦
શાળા પ્રથમ



રાઠોડ દ્રષ્ટિબેન
વિજયભાઈ
૮૪.૮૩%

| વિગત | ધોરણ ૧૦ | ધોરણ ૧૨ |
|---|---|---|
| પરીક્ષા આપેલ વિદ્યાર્થિનીઓ | ૩૦૪ | ૧૯૪ |
| પાસ થયેલ વિદ્યાર્થિનીઓ | ૨૦૦ | ૧૬૨ |
| સ્કુલનું પરિણામ | ૬૫.૭૮% | ૮૩.૫૦% |
| બોર્ડનું પરિણામ | ૬૦.૬૪% | ૭૬.૨૯% |
| ભાવનગર કેન્દ્રનું પરિણામ | ૫૬.૧૭% | ૭૯.૦૯% |

ધો.૧૨
શાળા પ્રથમ



પઠાણ સાનિયાબાનુ
ઈરફાનભાઈ
૮૯.૧૪%

## વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિ

### તહેવારોની ઉજવણી

શાળામાં વર્ષ દરમ્યાન વિવિધ તહેવારોની રંગદર્શી ઉજવણી કરવામાં આવેલ. જેમાં ગુરૂપૂર્ણિમા, સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન, શાળા સ્થાપના દિન, વિશ્વ યોગ દિન, નવરાત્રી વગેરે જેવા અનેક વિધ વિશિષ્ટ દિવસની ઉજવણી કરવામાં આવેલ.



### સાંસ્કૃતિક કાર્યક્રમ

તા. ૨૭/૦૨/૨૦૨૦ ને ગુરૂવારના રોજ યશવંતરાય નાટયગૃહ ખાતે 'નવરંગ' શીર્ષક નીચે શાળાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીનીઓએ વિવિધ કલાત્મક કૃતિઓ રજૂ કરી ભારતીય સંસ્કૃતિની અભિવ્યકિત કરી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના શ્રી મીતાબેન વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતા.

### અનૌપચારિક શિક્ષણ

પાઠયપુસ્તકની સાથે વિદ્યાર્થીનીઓને જીવનલક્ષી શિક્ષણ મળી રહે તેવા હેતુથી અનૌપચારિક શિક્ષણ પ્રવૃત્તિ પણ શાળામાં ચાલે છે. જેમાં "તારૂણ્યા માર્ગદર્શન શિબિર", આહાર સ્વાસ્થ્ય, માંદગી અને સારવાર, ટ્રાફીક સેન્સ, વૃદ્ધાશ્રમની મુલાકાત તેમજ ટાઈમ મેનેજમેન્ટ વિષય પર ધોરણ–૧૦ તથા ૧૨ની વિદ્યાર્થીનીઓને કારકિર્દી વિષયક માર્ગદર્શન આપવામાં આવેલ.





## ટેલેન્ટ કલબ

વિદ્યાર્થીનીઓમાં રહેલી કલાત્મક શકિતને ઉજાગર કરવા માટે શાળામાં ટેલેન્ટ કલબની પ્રવૃત્તિ ચાલે છે. જેમાં 'બ્રેસલેટ મેકિંગ' ના વર્ગ, કોડિયા ડેકોરેશન વર્કશોપ, ઝુમ્મર બનાવવા, તાવડી ડેકોરેશન જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવેલ.

## વિવિધ સ્પર્ધાઓ અને પરીક્ષાઓ

વિદ્યાર્થીનીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓને અભિવ્યકત કરવાની તક મળે તેવા હેતુથી શાળા કક્ષાએ, એસ.વી.એસ. કક્ષાએ, ઝોન કક્ષાએ, શહેર કક્ષાએ, તથા રાજય કે રાષ્ટ્રકક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવરાવવામા આવેલ છે. જેમાં જુદા જુદા વિષયો પર ચિત્ર સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા, શ્લોકગાન સ્પર્ધા,બુદ્ધિ કસોટી, હિન્દી પહેલી, દુસરી, તીસરી તથા વિનિતની પરીક્ષા, શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા સંસ્કૃતની પ્રથમ, મધ્યમા, વિશારદ જેવી પરીક્ષાઓ, એકસેલ એકસપ્રેશન આયોજીત શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, સમાચાર વાંચન, ચિત્રસ્પર્ધા તેમજ સનાતન ધર્મ હાઈસ્કુલ આયોજિત રામાયણ–મહાભારત લેખિક–મૌખિક પ્રશ્નોત્તરી સ્પર્ધા, સ્વામી વિવેકાનંદ લેખિત કિવઝ સ્પર્ધા, ભારતીય સંસ્કૃતિની પરીક્ષાઓ જેવી અનેકવિધ સ્પર્ધા અને પરીક્ષાઓમાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.



## વિદ્યાર્થીઓનું સન્માન

શાળાના ૯૫માં સ્થાપના દિન નિમિત્તે ધો–૧૦ અને ધો–૧૨ બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થિઓનું સન્માન કરવામાં આવેલ. દાતાશ્રી તરફથી રોકડ પારિતોષિક તેમજ સુખદેવભાઈ શશીપ્રભાબેન તરફથી ધો–૧૦માં પ્રથમ, દ્વિતિય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓને રોકડ પારિતોષિક આપી પ્રોત્સાહિત કરેલ.ઉપરાંત રમત–ગમત, એન.સી.સી.અને અન્ય પ્રવૃત્તિમાં સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીનીઓને ગીફટ તથા પ્રમાણપત્ર આપવામાં આવેલ.

## અન્ય પ્રવૃત્તિઓ

ધોરણ – ૯, ૧૦, ૧૧ અને ૧૨ ની વિદ્યાર્થીનીઓની વાલી મિટિંગ, શિક્ષક સજજતા, વિજ્ઞાનનગરીની મુલાકાત, વિદ્યાર્થીની પ્રતિનિધિ ચૂંટણી, હિન્દી દિનની ઉજવણી, ગાંધી જયંતિની ઉજવણી, બેટી બચાવો–બેટી પઢાવો અંતર્ગત કિશોરી મેળો, વાંચન શિબિર, સુરક્ષા સેતુ સોસાયટી ભાવનગર દ્વારા 'સ્વ–રક્ષણ' ની તાલીમ, ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ, પ્લાસ્ટિક વિરોધી ઝુંબેશ વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરેલ.

## ટિંકરીંગ લેબ

આવિષ્કાર આયોજિત રેસીડેન્સિયલ ટ્રેનીંગ તા.૧૫/૦૭/૨૦૧૯થી તા.૧૯/૦૭/૨૦૧૯ના રોજ દિલ્હી મુકામે યોજાયેલ જેમાં શ્રી અવનિબેન અને શ્રી નેહાબેન ગયેલ. તા.૨૩/૦૯/૨૦૧૯થી તા.૨૫/૦૯/૨૦૧૯ એમ કુલ ૪ (ચાર) દિવસ ટિંકરીંગ લેબમાં વર્કશોપનું આયોજન થયેલ જેમાં કુલ ૩૧ (એકત્રીસ) વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ. આ વર્કશોપમાં શ્રી નિકુંજભાઈ પાસેથી માર્ગદર્શન મળેલ.





## રમત – ગમત

શાળાકીય રમત–ગમતમાં તેમજ વિવિધ કક્ષાની રમતોમાં ભાગ લઈ વિદ્યાર્થિનીઓએ સિદ્ધિ પ્રાપ્ત કરેલ. જેમાં મંડળ દ્વારા તા.૨૫/૦૨/૨૦૨૦ના રોજ ૧૦૨ વિદ્યાર્થિનીઓને લોઅર–ટીશર્ટ અને ૧૩૫ ખેલાડીઓને વાત્સલ્ય હૂંફ સમાન બ્લેન્કેટ, પ્રમાણપત્ર જિલ્લા રમત–ગમત અધિકારી શ્રી અરૂણભાઈ ભાલાણી સાહેબના અધ્યક્ષ પદે આપવામાં આવેલ છે.

## ખેલ મહાકુંભ

ખેલમહાકુંભ – ૨૦૧૯ માં જુદી જુદી રમતોમાં કુલ શાળાની ૨૩૭ વિદ્યાર્થિઓએ ભાગ લઈ સિદ્ધિ પ્રાપ્ત કરેલ. જેમાં કુલ રૂા. <u>૧,૫૦,૦૦૦ /–</u> (અંકે રૂ.એક લાખ પચાશ હજાર) નાં રોકડ પુરસ્કાર રાજ્ય સરકાર તરફથી મળેલ છે, તેમજ ભાવનગર મહાનગરપાલીકા વિસ્તારમાં અને ઝોનમાં શ્રી મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલયને બેસ્ટ સ્કુલ જાહેર કરી શાળાને રૂા. ૨૫,૦૦૦/– (પચ્ચીશ હજાર)નો રોકડ પુરસ્કાર મળેલ છે.

## એન.સી.સી.

સિદસર મુકામે ૧૦ દિવસ T.S.C- I કેમ્પમાં ૦૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ તેમજ લોકવિદ્યાલય વાળુકડ ખાતે CATC કેમ્પમાં ૧૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ. એન.સી.સી. અંતર્ગત યોગ દિવસ, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, રોડ સેફટી રેલી, પોસ્ટર મેકીંગ જેવી પ્રવૃત્તિમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

# વિદ્યાર્થિનીઓને આપવામાં આવેલ સહાય

## વિનામુલ્યે ફુલસ્કેપ નોટબુક

મંડળ દ્વારા દાતાશ્રીઓના સહયોગથી શાળાની ધો.૯ થી ૧૨ની કુલ ૧,૦૪૧ વિદ્યાર્થિનીઓને ૫–૫ ફૂલસ્કેપ બૂક વિનામૂલ્યે આપવામાં આવી.



## શશીપ્રભા લાલા સ્કોલરશીપ

ધોરણ – ૧૦ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનીઓને શ્રી શશિપ્રભાલાલા સ્કોલરશીપ અન્વયે પ્રથમ નંબરને ૧૦,૦૦૦/– દ્વિતીય નંબરને ૮,૦૦૦/– તૃતીય નંબરને ૬,૦૦૦/– નો ચેક અર્પણ કરવામાં આવેલ.

## શિક્ષણ ફી સહાય

શાળાની ધો.૧૦ અને ૧૨ની જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને દાતાશ્રી શિશુવિહાર ટ્રસ્ટ તથા ગાંધી મહેન્દ્ર ચત્રભુજ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શિક્ષણ ફી સહાય આપવામાં આવેલ.

## શિક્ષકની વિશિષ્ટ સિદ્ધિ



માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા "" પરીક્ષા પે ચર્ચા–૨૦૨૦" અંતર્ગત ૪૨ વિદ્યાર્થિઓની સાથે ગુજરાતમાંથી ૦૫ શિક્ષકો એસ્કોર્ટ ટીચર્સ તરીકે ગયેલ જેમાં આપણી શાળામાંથી શ્રી રેખાબેન ગૌસ્વામી પસંદગી પામી દિલ્હી મુકામે ભાગી લીધેલ.

સ્થાપના વર્ષ
૧૯૯૪

# શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર
# ફોર
# નોનફોર્મલ એજ્યુકેશન એન્ડ એન્ટ્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ

શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર મહિલાઓને અનૌપચારિક તાલીમ અંતર્ગત કોઈ ચોક્કસ હુન્નર અંગે તાલીમ આપી ઉદ્યોગ સાહસિક બનાવવી અને સ્વરોજગારી દ્વારા આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવાનું કામ કરે છે, અને સાથોસાથ મહિલાઓ માટે જીવન ઉપયોગી સેમીનાર, વર્કશોપ દ્વારા ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે વિવિધ તાલીમ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવે છે.

### કમ્પ્યુટર શિક્ષણ

સેન્ટરમાં મંડળ સંચાલિત સંસ્થાઓ શ્રી. કૃ. હ. સંઘવી બાલમંદિર, શ્રી. ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર તથા શ્રી મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલયની કુલ ૧૩૭૭ વિદ્યાર્થિનીઓને કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે.



## સેન્ટરમાં ચાલતા અભ્યાસક્રમો

- સંસ્થામાં વિવિધ ટૂંકાગાળાના, એક વર્ષીય સર્ટિફિકેટ તેમજ બે વર્ષીય ડિપ્લોમા કોર્ષ ચલાવવામાં આવે છે.
- બેઈઝીક કમ્પ્યુટર થી લઈને એડવાન્સ પ્રોગ્રામીંગ લેવલ સુધીના કમ્પ્યુટર કોર્ષ ગુજરાતી–અંગ્રેજી ટાઈપીંગ શીખવવામાં આવે છે.
- બ્યુટીપાર્લર કોર્ષ, મેકઅપ ટેકનિક, સોફ્ટ ટોયઝ, મહેંદી, બેઈઝીક સિવણ, મશીન ભરત, હાથભરતના ટાંકા, ખાટલી ભરત, છેડાફોલ, ડીઝાઈનર બ્લાઉઝ, ચણીયાચોળી તેમજ ડ્રેસ ડીઝાઈનિંગ વગેરે.
- આ ઉપરાંત એક વર્ષીય સર્ટિફિકેટ ઈન ફેશન ડીઝાઈનિંગ તેમજ ડિપ્લોમાં ઈન ફેશન ડીઝાઈનિંગ જેવા કોર્ષ ચલાવવામાં આવે છે.



સિવણ તાલીમ



બ્યુટીપાર્લર કોર્ષ



### સમાજકલ્યાણ કેન્દ્ર

સેન્ટરના નેજા હેઠળ સમાજ કલ્યાણ કેન્દ્રમાં સામાજિક રીતે પછાત વર્ગની બહેનોને ભરત ગૂંથણ અને સિવણની તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત આ બહેનો આર્થિક સ્વ–નિર્ભરતા સાથે પોતાનું જીવન ધોરણ સુધારી શકે તે માટે વર્ષ દરમ્યાન હકારાત્મક અભિગમ, હેલ્ધી ફુડ, હેલ્થ એન્ડ હાઈજીન વગેરે વિષયોની માહિતી આપવામાં આવે છે.

## પ્રાથમિક વિભાગ

પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીનીઓના પર્સનલ હાઈજીન, સેલ્ફ ડિફેન્સ, માસિક ચક્ર સમયે થતી તકલીફો અને સેનીટેશન વિષે સભાનતા આપવામાં આવે છે. કચરાના યોગ્ય નિકાલ માટે ખાસ તો કચરો કચરાપેટીમાં નાખવા માટે સમજાવવામાં આવે છે.

## હાઈસ્કુલ વિભાગ

હાઈસ્કુલ વિભાગની વિદ્યાર્થીનીઓ માટે છેલ્લા છ વર્ષથી મધર ડોટર વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ધો.૧૧ ની ૭૪ વિદ્યાર્થીનીઓએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો.

મધર ડોટર વર્કશોપનું એક દિવસીય આયોજન કરવામાં આવે છે. જેમાં પહેલા સેશનમાં માત્ર દિકરીઓને પ્રવૃત્તિ દ્વારા ખોલવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ વખતે શિબિરમાં પ્રેરણાત્મક વિડીયો બતાવવામાં આવ્યા. દરેક વિદ્યાર્થીનીને જે વિડીયો ગમ્યો હોય તેમજ તેમાં શું સારો મેસેજ છે તે જણાવવાનું કહેવામાં આવ્યું.

બપોરના સેશનમાં માતાઓને આમંત્રિત કરવામાં આવે છે. અલગ અલગ થીમ અને પ્રેરણાત્મક તેમજ આજના યુગમાં કિશોરવસ્થામાં થતી મુશ્કેલીઓ જેવા વિષયો દ્વારા રોલપ્લે કરાવવામાં આવે છે, તેના દ્વારા દિકરીઓની ઘણી બધી મુશ્કેલીઓનો હલ આવે છે.

આ સેમિનારમાં જે દિકરીઓની માતાઓ ભાગ લેવાની હોય તેવી જ દિકરીઓને સેમિનારમાં ભાગ લેવા દેવામાં આવે છે. આ સેમિનાર દરમ્યાન માતા–પુત્રીના ભાવવાહી દ્રશ્યો જોવા મળે છે.

ધોરણ–૯ અને ૧૧ની વિદ્યાર્થીનીઓ માટે ''મુગ્ધાવસ્થાની મુંઝવણ' વિષય પર ડૉ. આશાબેન પરીખનું વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. ધર્મ સાથે જોડાયેલ તેમજ ખોટી માન્યતાઓ વિષે પ્રશ્નોત્તરી સેશનમાં દિકરીઓને સંતોષપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.





## સંગીત ક્લાસ

- વર્ષ ૨૦૧૯–૨૦ માં એક નવા સાહસ તરીકે સંગીત ક્લાસની શરૂઆત કરવામાં આવી હતી. આ સંગીત વર્ગો દ્વારા અખીલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલયની પરીક્ષા પણ અપાવવામાં આવે છે. સંગીત ક્લાસમાં ૪ વિદ્યાર્થિનીઓએ એડમિશન લીધું છે.
- આ સંગીત ક્લાસની શરૂઆત બે સંસ્થાઓમાં કરવામાં આવી છે. સવારના ભાગે સેન્ટરમાં અને બપોરના સમયમાં મહિલા કોલેજ–સંગીત વિભાગમાં આ વર્ગો ચલાવવામાં આવે છે. સંગીત શિક્ષીકા તરીકે શ્રીમતી જુહીબેન દવે સેવા આપે છે.

# શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

| સ્થાપના વર્ષ | વિદ્યાર્થિનીની સંખ્યા |
|---|---|
| ૧૯૫૧ | ૧૦૮૩ |

શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે એફીલીએશન ધરાવતી આ કોલેજની સ્થાપના ૧૯૫૧માં જૂજ વિદ્યાર્થીનીઓથી શરૂ થયેલ છે. જે આજે ૧૦૮૩ વિદ્યાર્થીનીઓ અને વિવિધ કોર્સ સાથે સજ્જ છે.

**NAAC નું ત્રીજીવારનું રી–એક્રેડીટેશન મેળવી 'B' ગ્રેડ મેળવનાર ગુજરાતની પ્રથમ કોલેજ**

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ના વર્ષમાં યુનિવર્સિટીમાં મેળવેલ સિદ્ધિઓ



કું. મિતલબેન દેવશીભાઈ ચારણીયા
એમ.એ. ૦૨ – પ્રથમ



કુ.છાયાબેન ગોબરભાઈ ભરવાડીયા
બી.કોમ.૦૩ – દ્વિતિય



કું જાગૃતિબેન સંજયભાઈ પરમાર
બી.કોમ.૦૩ – તૃતિય

## યુનિવર્સિટીમાં રેન્ક તથા પારિતોષિક મેળવનારની સંખ્યા

| વર્ગ | રેન્ક | પારિતોષિક | વર્ગ | રેન્ક | પારિતોષિક |
|---|---|---|---|---|---|
| બી.એ. – ૦૩ | ૦૨ | ૦૪ | એમ.એ.–૦૨ | ૦૧ | – |

## લીડરશીપ ટ્રેઈનિંગ કેમ્પ

ફોરમ ઓફ ફોર ફ્રી એન્ટરપ્રાઈઝ, એમ.આઈ.પાઈ. ફાઉન્ડેશન , એ.ડી.શ્રોફ મેમોરીયલના સહયોગથી જુલાઈ–૨૦૧૯માં બે દિવસીય લીડરશીપ ટ્રેઈનિંગ કેમ્પ યોજાયેલ. જેમાં શ્રી વિવેકભાઈ પત્કી તથા શ્રીમતી કલેરિસા જેથાન્નાએ તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલ.





## મોક પાર્લામેન્ટ

વિદ્યાર્થિઓમાં પ્રેરક નેતૃત્વ પુરૂ પાડવાના હેતુસર ઓગષ્ટ–૧૯માં "મોક પાર્લામેન્ટ" નું આયોજન કરવામાં આવ્યું હતુ. સંસદમાં સભ્યોની કામગીરી અંગેનું માર્ગદર્શન આપવામાં આવેલ. જેનો વિષય "સોશ્યલ મિડીયાના ફાયદા અને ગેરફાયદા" હતો. જેમાં સ્ટેન્ડીંગ કમિટિના પૂર્વ ચેરમેનશ્રી હિમાંશુભાઈ દેસાઈ અને મંડળના માનનિય સભ્યો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમા અંદાજીત ૨૫ વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.



## ફિનિશીંગ ટ્રેઈનિંગ સ્કુલ

ગર્વમેન્ટ ઓફ ગુજરાત, શિક્ષણ વિભાગ કે.સી.જી.ના માર્ગદર્શન હેઠળ ફીનીશીંગ સ્કુલ તાલીમનું આયોજન કરવામાં આવેલ. જેમાં તા.૧૦/૦૪/૨૦૧૯ થી તા.૨૦/૦૪/૨૦૧૯ શ્રી નેન્સીબેન શાહે કમ્પોનન્ટ નં.૧ અને ૨ની તાલીમ આપેલ અને તા.૨૪/૦૪/૨૦૧૯ થી તા.૦૩/૦૫/૨૦૧૯ ડૉ. રાજેશભાઈ રાવળે કમ્પોનન્ટ ૩ અને ૪ ની તાલીમ આપેલ. જેમાં કુલ ૪૧ વિદ્યાર્થિન બહેનોએ ભાગ લીધેલ.

ત્યારબાદ તા. ૧૬/૦૧/૨૦૨૦ થી તા.૨૮/૦૧/૨૦૨૦ ડૉ. છાયાબેન પારેખ કમ્પોનન્ટ નં.૧ અને ૨ની તાલીમ આપેલ અને તા.૦૬/૦૨/૨૦૨૦ થી તા.૧૫/૦૨/ ૨૦૨૦ શ્રી પુજાબેન રાવળે કમ્પોનન્ટ ૩ અને ૪ ની તાલીમ આપેલ. જેમાં કુલ ૫૦ વિદ્યાર્થિન બહેનોએ ભાગ લીધેલ.

## સાગર ખેડુ સાયકલ રેલી

યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ–ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી ભાવનગર સંચાલિત "સાગરખેડુ સાયકલ રેલી" તા.૦૨/૦૩/૨૦૨૦ થી તા.૦૯/૦૩/૨૦૨૦ દરમ્યાન મહુવાથી અહેમદપુર માંડવી(તા.ઉના) સુધી NSS ની ૨૪ બહેનોએ ભાગ લીધેલ. આ કેમ્પના વ્યવસ્થાપક તરીકે પ્રા.વિષ્ણુભાઈ ચૌધરી ( NSS પ્રોગ્રામ ઓફીસર) પણ સામેલ થયા હતા.






## સ્પોર્ટ્સ વિભાગ

- હરિયાણા ખાતે યોજાયેલ નેશનલ કુસ્તી સ્પર્ધામાં કુ.એકતા વી. ચાવડાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ.
- કાનપુર ખાતે યોજાયેલ નેશનલ જુડો સ્પર્ધામાં કુ.નમીરાબાનુએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ.
- મધ્યપ્રદેશ ખાતે યોજાયેલ નેશનલ ફૂટબોલ સ્પર્ધામાં કુ.પૂજા પરમાર, કુ.પ્રિયલ પરમાર અને નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં કુ.દિપાલી રાઠોડે ભાગ લીધેલ.
- આંધ્રપ્રદેશ ખાતે યોજાયેલ નેશનલ ૧૦ કિ.મી. ક્રોસકન્ટ્રી સ્પર્ધા તથા સિમલા ખાતે યોજાયેલ નેશનલ હિમાલીયા ટ્રેકિંગ કેમ્પમાં કુ.મનીષા ચુડાસમાએ ભાગ લીધેલ.
- જુનાગઢ ખાતે રાજ્યકક્ષા ટ્રેકિંગમાં કું.રીના બારૈયા તથા કું.પિંકલ ગોહિલ ભાગ લીધેલ.

## એન.એસ.એસ. વિભાગ




શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ NSS વાર્ષિક કેમ્પ તા. ૨૫/૧૨ થી ૩૧/૧૨/૨૦૧૯ સિહોર તાલુકાના બુઢણા ગામે યોજાયેલ. આ કેમ્પ દરમ્યાન ગામમાંથી પસાર થતા રોડની આજુબાજુ લગભગ ૧૧૦૦થી વધારે વૃક્ષો વાવેલ અને આ વૃક્ષની ફરતે પિંજરા ઉભા કરેલ. વૃક્ષ પિંજરાની ફરતે શિબરાર્થી બહેનોએ કપડા બાંધી પર્યાવરણ બચાવો તેમજ જાગૃતિના પ્રયત્નો કરેલ, તેમજ ૫૦૦ જેટલા વૃક્ષો ગામમાં વાવેલા.

## એન.સી.સી. વિભાગ

રીપબ્લીક ડે પરેડ કેમ્પમાં કું. દેવુ મુલરવે વિવિધ રાજ્યોની કોમ્પીટીશનમાં ગૃપડાન્સમાં દ્વિતય ક્રમાંક, પી.એમ.રેલીમાં પણ ભાગ લઈ દ્વિતિય ક્રમાંક, રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત દરમ્યાન રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદને મળવાનો લાભ મળેલ અને અમદાવાદ ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ટી–પાર્ટીમાં ભાગ લીધેલ.



## બિઝનેસ સેલીંગ ડે

વિદ્યાર્થીની બહેનોમાં ઉદ્યોગ સાહસિકતાનું કૌશલ્ય ઊભુ થાય તે હેતુસર જુલાઈ–૨૦૧૯માં "બિઝનેસ સેલીંગ ડે" નું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા ૨૫ સ્ટોલમાં વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મુલાકાતી પ્રાધ્યાપક પ્રા.પ્રાંજલીબેન ઓઝાએ કરેલ.

## ઉદ્દીશા મેગા પ્લેસમેન્ટ ફેર–૨૦૨૦

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા એમ.કે.બી.યુનિવર્સિટી અને કેસીજી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ભાવનગર–બોટાદ જિલ્લા ઝોન–૫, નોડ–૩ના ઉદ્દીશા અંતર્ગત મેગા પ્લેસમેન્ટ ફેર–૨૦૨૦નું આયોજન ફેબ્રુઆરી–૨૦૨૦માં થયેલ, જેમાં આપણી કોલેજની ૪૨ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધેલ જે પૈકી ૨૮ વિદ્યાર્થીબહેનોને અલગ–અલગ કંપનીઓ દ્વારા પ્લેસમેન્ટ મળેલ.

# પ્રાધ્યાપકો દ્વારા મેળવેલ સિદ્ધિઓ



## પ્રા.શ્રીમતી રંજનબાળા એ ગોહિલ(કા.આચાર્ય)

- જૂન ૨૦૧૯માં “Gandhin Though and nationalism” વિષય પર Research Zone India international Quarterly Multidisciplinary Peer Reviewed Referred Journal Volume-7 Issue-3 April-May-June-2019 માં પેપર પબ્લીશ કરવામાં આવ્યું.
- ગુજરાત સરકાર પ્રેરિત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ખાતે ફેબ્રુઆરી ૨૦માં 'એજન્ડા–૨૦૩૦(SDG) સિદ્ધ કરવામાં "ગાંધી વિચારની ભૂમિકા" વિષય પર નિબંધ રજૂ કરેલ.

## પ્રા.ડૉ.જાગૃતિબેન કે. પંડયા



SNDT વિમેન્સ યુનિવર્સિટી મુંબઈ ખાતે અનુસ્નાતક ભવન સંસ્કૃત વિભાગમાં ડિસેમ્બર,૨૦૧૯માં "આધુનિક સંસ્કૃત મહિલા નાટયકાર–રમા ચોધરી" વિષય પર તથા "વ્યાવહારિક જીવનમાં ઉપનિષદ" જ્ઞાનની પ્રસ્તુતતા વિષય પર વ્યાખ્યાન આપવા નિમંત્રિત કરેલ.

## પ્રા. ડૉ. ગીતાબેન એ. જગડ



CSRI અને MKBU ના સંયુક્ત ઉપક્રમે સપ્ટેમ્બર ૨૦૧૯માં યોજાયેલ નેશનલ સેમિનારમાં **सांप्रत समय में विभिन्न क्षेत्रोमें हिन्दी भाषा साहित्यना अनुप्रयोग** જેવા વિષયમાં **सांप्रत समय में पत्रतारिका की हिन्दी भाषा** પર પેપર રજૂ કરેલ.

## પ્રા. વિષ્ણુભાઈ ડી. ચૌધરી



- CSRI અને MKBU ના સંયુક્ત ઉપક્રમે સપ્ટેમ્બર ૨૦૧૯માં યોજાયેલ નેશનલ સેમિનારમાં **सांप्रत समय में विभिन्न क्षेत्रोमें हिन्दी भाषा साहित्यना अनुप्रयोग** જેવા વિષયમાં **सांप्रत समय में पत्रतारिका की हिन्दी भाषा** પર પેપર રજૂ કરેલ.
- યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ– ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી ભાવનગર સંચાલિત મહુવાથી અહેમદપુર માંડવી(તા.ઉના) સુધીની "સાગરખેડુ સાયકલ રેલી" કાર્યક્રમમાં વ્યવસ્થાપક તરીકે નિયુક્ત થયેલ અને સર્ટીફિકેટ પ્રાપ્ત કરેલ.

## પ્રા.ડૉ. હિતેશભાઈ જી.વાળા



- બદલાવ સંસ્થા ઉદેપુર તરફ.થી નેશનલ સેમિનાર સપ્ટેમ્બર–૨૦૧૯માં તેઓને યંગ સોશિયલ સાયન્ટીસ્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- વલ્લભવિદ્યાનગર ખાતે ડિસેમ્બર–૨૦૧૯માં "NRI'S Position and Problems" વિષય પર પેપર પ્રેઝન્ટ કરેલ. જેમાં સર્ટીફિકેટ પ્રાપ્ત કરેલ.
- ફેબ્રુઆરી–૨૦માં એમ.કે.બી.યુનિવર્સિટી ખાતે સમાજશાસ્ત્ર વિભાગમાં યોજાયેલ નેશનલ સેમિનારમાં "Indian Women in Social Excusion" વિષય પર પેપર પ્રેઝન્ટ કરેલ.

## પ્રા. દીપાબેન શાહદાપૂરી



CSRI અને MKBU ના સંયુક્ત ઉપક્રમે સપ્ટેમ્બર ૨૦૧૯માં યોજાયેલ નેશનલ સેમિનારમાં **सांप्रत समय में विभिन्न क्षेत्रोमें हिन्दी भाषा साहित्यना अनुप्रयोग** જેવા વિષયમાં **सांप्रत समय में पत्रतारिका की हिन्दी भाषा** પર પેપર રજૂ કરેલ.

## આરોગ્યલક્ષી કાર્યક્રમો


એકસેલ સ્કુલ ઓફ નર્સિંગ માં અભ્યાસ કરતી ત્રીજા વર્ષ ની વિદ્યાર્થીનીઓ દ્વારા **"મેન્સ્ટ્રુએશન સાયકલ અને પર્સનલ હાયજીન"** વિષય પર પ્રદર્શન મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય ખાતે યોજવામાં આવેલું જેમાં કુલ ૬૦૦ વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રદર્શન ને નિહાળવામાં આવેલું.




## ઉજવણી

- નવરાત્રીના દિવસોમાં ડે બીફોર નવરાત્રી નું આયોજન કરવામાં આવેલું.
- ૧૨ મે ના રોજ વિશ્વ નર્સિસ ડે ઉજવવામાં આવ્યો.
- ૨૦૧૯–૨૦ ની નવી બેંચ જી.એન.એમ ની ૪૦ તથા એ.એન.એમ ની ૧૦ એમ કુલ ૫૦ વિદ્યાર્થીનીઓને સ્વાગત કરવા માટે વેલકમ પાર્ટીનું આયોજન કરવામાં આવેલ હતું.
- ફર્સ્ટ યર જી.એન.એમ તથા એ.એન.એમ સ્ટુડન્ટસનો લેમ્પલાઈટીંગ સેરેમની યોજવામાં આવેલ હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે સરકારી નર્સિંગ સ્કુલ ના નર્સિંગ પ્રોફેસર તથા ગુજરાત નર્સિંગ કાઉન્સીલ ના મેમ્બરશ્રી, કમલકાંત હલવદીયા, સહજાનંદ સ્કુલ ઓફ નર્સિંગ ના વર્તમાન પ્રિન્સીપાલશ્રી મુરર્ગન તથા મંડળના એક્ઝીક્યુટીવ ડાયરેકટરશ્રી ધીરેન્દ્ર એ. વૈષ્ણવ દ્વારા શપથ લેવડાવવામાં આવેલ તથા વિદ્યાર્થીનીઓને નર્સિંગ પ્રોફેશનમાં પ્રવેશવાના અભિનંદન પણ તેમના દ્વારા આપવામાં આવ્યા હતા.



- સ્પોર્ટસ ડે નિમિત્તે વિદ્યાર્થીનીઓના આનંદ માટે જુદી જુદી ઈન્ડોર રમતો જેવી કે ફાસ્ટ ઈટીંગ, એક મિનિટ, દમશેરા, ક્વિઝ, મેમરી ગેઈમ તથા આઉટડોર રમતો જેવી કે વિવિધ પ્રકારની દોડ, મ્યુઝીકલ ચેર, ખો–ખો વગેરે જેવી રમતો રમાડવામાં આવી હતી.
- ગાંધી જયંતિ નિમિતે નશાબંધી સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજયના નશાબંધી આબકારી ખાતા દ્વારા નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા યોજી પ્રથમ,દ્વિતીય,તૃતીય નંબર લાવનાર વિદ્યાર્થીનીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

- એચ.સી.જી. હોસ્પીટલ દ્વારા વિશ્વ હદય દિવસ ઉજવવામાં આવેલો જેમાં વોક ઈન થોન દોડ માં સંસ્થાની વિદ્યાર્થીનીઓ દ્વારા ભાગ લેવામાં આવેલો જેમાં ડૉ.સિધ્ધાર્થ મુકરજી તથા સિધ્ધાર્થ વાળા દ્વારા સ્વચ્છ હદય વિશે સમજાયું હતું.
- નર્સિંગ સ્કુલ ની વિદ્યાર્થીનીઓ દ્વારા શ્રી કે.એચ.સંઘવી ના બાળકો હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યા.
- મુંબઈ ખાતે ના જીતો ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સાધ્વીજી ના આરોગ્ય ને ધ્યાને લઈ પાલીતાણા ખાતે આરોગ્ય સર્વે તથા કેમ્પનું આયોજન કરવામાં આવેલું જેમાં સંસ્થાની બધી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.અને પાલીતાણા જૈન ટ્રસ્ટ દ્વારા સ્કુલની વિદ્યાર્થીનીઓ તથા સ્ટાફ પરિવાર ની સરાહનીય કામગીરી બદલ મોમેન્ટો આપી આભાર માન્યો હતો.





## મુલાકાત

એક્સેલ સ્કુલ ઓફ નર્સિંગમાં અભ્યાસ કરતી બીજા અને પ્રથમ વર્ષ નર્સિંગની વિદ્યાર્થીનીઓને સાઈક્રાઈટીક હોસ્પીટલ અમદાવાદ ખાતે વિઝીટ કરાવવામાં આવી જેમાં કુલ ૩૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.





## અન્ય જીવનકૌશલ્ય, સુરક્ષા કાર્યક્રમો તથા સેમિનાર

- ભાવનગર રોજગાર કચેરી દ્વારા ૧૭ જુલાઈ ના રોજ " ઓવરસીઝ વર્ક" વિષય ઉપર એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલું જેમાં શ્રી બ્રિજરાજસિંહ દ્વારા રોજગાર ને લગતી માહિતી આપવામાં આવી હતી.
- એક્સેલ સ્કુલ ઓફ નર્સિંગ દ્વારા " યુ.કે. નર્સિંગ પ્રોફેશન અવરનેસ" ના વિષય પર સંસ્થામાં અભ્યાસ કરતી ત્રીજા વર્ષની વિદ્યાર્થીનીઓ તથા ભુતપુર્વ વિદ્યાર્થીનીઓએ આ સેમીનારમાં ભાગ લીધો હતો. જેમાં યુ.કે. જવા માટેની પરીક્ષાઓ, વિઝા પ્રોસેસ, જોબ પ્લેસમેન્ટ વિશે વિશે વિદ્યાર્થીનીઓને માહિતગાર કર્યા હતા.
- એક્સેલ સ્કુલ ઓફ નર્સિંગ દ્વારા શિક્ષક દિન ની ઉજવણી નિમિતે માનનીયશ્રી ધીરેન્દ્ર એ.વૈષ્ણવ દ્વારા "પ્રેઝેન્ટેશન સ્કીલ" વિષય પર એક દિવસીય વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવેલું જેમાં તમામ નર્સિંગ ટ્યુટરો એ ભાગ લીધો હતો.

સ્થાપના વર્ષ
૧૯૪૬

# શ્રી દાણીભાઈ અને ખુશાલદાસ કુરજી પારેખ
# તથા
# શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડી
# કન્યા છાત્રાલય

સ્થાપના વર્ષ
૨૦૧૩

શ્રી દાણીભાઈ અને ખુશાલદાસ કુરજી પારેખ તથા શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડી  કન્યા છાત્રાલયમાં નર્સિંગ સ્કૂલની ૧૨૦ વિદ્યાર્થિનીઓ અને શ્રીમતી ન.ચ.ગાંધી અને ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજની ૫૭ વિદ્યાર્થિનીઓ કુલ ૧૭૭ બહેનો આ છાત્રાલયમાં આવાસ કરે છે.

## છાત્રાલયની વિવિધ પ્રવૃત્તિઓ

- આંતરિક સ્પર્ધાઓ કરી
- બ્હેનો ને પ્રાર્થના મા ભોજન નો બગાડ ના કરો અમુક જગ્યા લોકોને જમવા નથી મળતુ એવા વીડીયો બતાવ્યા. સ્વછતા રાખવા માટે પણ બ્હેનો ને સુચના આપી.
- સુર્યગ્રહણ જોવા માટે બ્હેનો ને વિજ્ઞાનનગરી લઇ ગયા હતા. શૈશવ સંસ્થા માં થી ત્રણ બ્હેનો આવ્યાતા તેમણે ચાઇલ્ડ હેલ્પ લાઇન  વિષે માહિતી આપી.
- વર્ષ દરમ્યાન છાત્રાલય  મા રાષ્ટ્રીય પર્વની ઊજવણી ઉમંગ ભેર કરવામા આવે છે.
- છાત્રાલય  નો વાર્ષિક ઉત્સવ  તા.૨.માર્ચ ના રોજ શ્રીમતી.ગુંજનબેન પોપટ ના અતિથી વિશેષ પદે યોજાયેલ. જેમાં છાત્રાલયમાં રહીને એફ.વાય થી ટી.વાય સુધીમાં પ્રથમ આવેલ બહેનો તેમજ આંતરીક સ્પર્ધાઓમાં વિજેતા થયેલ બહેનોને ઈનામ તથા ટ્રોફી આપવામાં આવેલ.

## મંડળ દ્વારા વિદ્યાર્થિનીઓને આપવામાં આવેલ સહાય

### વિનામુલ્યે ફુલસ્કેપ નોટબુક

મંડળ દ્વારા દાતાશ્રીઓના સહયોગથી મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલયની ધો.૯ થી ૧૨ની કુલ ૧,૦૪૧ વિદ્યાર્થિનીઓને  ૫–૫ ફૂલસ્કેપ બુક વિનામૂલ્યે આપવામાં આવી.

### શશીપ્રભા લાલા સ્કોલરશીપ

મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલયની ધોરણ – ૧૦ ની બોર્ડની પરીક્ષામાં શાળામાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનીઓને દાતાશ્રીના સહયોગથી શ્રી શશિપ્રભાલાલા સ્કોલરશીપ અન્વયે પ્રથમ નંબરને ૧૦,૦૦૦/– દ્વિતીય નંબરને ૮,૦૦૦/– તૃતીય નંબરને ૬,૦૦૦/– નો ચેક અર્પણ કરવામાં આવેલ.

## વિઝન

ભાવનગર જીલ્લા અને આસપાસ રહેતી ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગની યુવતીઓ અને મહિલાઓને ઉચ્ચ ગુણવત્તાસભર, ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ અને તાલીમ પૂરી પાડવી જેથી તેઓનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, વ્યક્તિગત ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસ થાય અને પરિણામે ભાવનગર જીલ્લાનું સામાજિક અને આર્થિક રૂપાંતર થાય તેમજ મંડળની સર્વ શૈક્ષણિક અને તાલીમી સંસ્થાઓમાં ન્યાયી,ઉત્તમ વ્યવહારો અને સતત સુધારણા

# શ્રીમતી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ

## મિશન

માત્ર યુવતીઓ અને મહિલાઓ માટેનું અદ્યતન આંતર–માળખાકીય સુવિધા અને સગવડવાળું વિવિધલક્ષી વિદ્યાશાખાઓ અને પ્રશિક્ષણ સંકુલ નીચે મુજબનાં હેતુઓ સાથે વિકસાવવું જયાં:

- બાલમંદિરથી અનુસ્નાતક કક્ષા સુધીના વ્યાવસાયિક, તકનીકી, વાણિજય અને કલા સહિતના અનેક પ્રકારના શૈક્ષણિક કાર્યક્રમો અપાતા હોય.
- શારીરિક, યંત્રવિદ્યા અને બૌધ્ધિક કૌશલ્યોનું ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ અપાતું હોય અને મહિલાઓમાં ઉદ્યોગસાહસિકતા અને સ્વરોજગાર દ્વારા આર્થિક સામર્થ્યનું સંવર્ધન થયું હોય.
- વ્યકિતઓ અને સંસ્થાઓને તેમની વ્યકિતગત અને સંસ્થાકીય સામાજિક જવાબદારી નિભાવવા માટે આર્થિક સહયોગ કરવાની તક અપાતી હોય.

# શ્રીમતી આર.ડી.ગાર્ડી
# ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ

## સંચાલિત

S



શ્રી કૃષ્ણાલાલ હ.સંઘવી બાલમંદિર

**સંસ્થાઓ**
**બિલ્ડીંગ**



શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી
મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ



શ્રી મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલય
શ્રીમતી ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર

॥ संस्कृता स्त्री शिवा शक्तिः ॥



એકસેલ સ્કુલ ઓફ નર્સિંગ



શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર
ભાવનગર જ્વેલરી ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યુટ



શ્રી દાણીભાઈ ખુશાલદાસ કુરજી પારેખ તથા
શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડી કન્યા છાત્રાલય



શ્રીમતી સાવીત્રીબેન રમણીકલાલ જે.મહેતા બિલ્ડીંગ